આશાની છીપમાં જ સિદ્ધિનાં મોતી નીપજે છે
- હિતોપદેશ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૯૬ | ૧૬ જૂન, ૨૦૧૩, રવિવાર; જયેષ્ઠ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં ઈ-લાયબ્રેરીનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર ડીસ્ટ્રીકટ કોર્ટમાં વકીલો માટે આજે ઈ-લાયબ્રેરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ ઈ-લાયબ્રેરીમાં વર્ષ ૧૯૫૦થી લઈ આજની તારીખ સુધીના મહત્વના જજમેન્ટો સરળતાથી ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

શહેરમાં ડીસ્ટ્રીકટ કોર્ટ અસ્તિત્વમાં આવ્યા બાદ પ્રાથમિક તબક્કામાં વકીલો માટે લાયબ્રેરી ઉપરાંત અદ્યતન બાર રૂમ બનાવાનો હતો જયારે કાયદા ક્ષેત્રે વકીલોને યોગ્ય માર્ગદર્શન પુરું પાડયા અગાઉ નિષ્ણાંતોના વર્ગોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જયારે હવે કોર્ટની લાયબ્રેરીમાં અલાયદી ઈ લાયબ્રેરી પણ કાર્યરત કરવામાં આવી છે. જેના આધારે વકીલોને જુદા જુદા જજમેન્ટસ સરળતાથી ઉપલબ્ધ થશે. પ્રાપ્ત માહિતી અનુસાર આ ઈ-લાયબ્રેરીમાં વર્ષ ૧૯૫૦થી લઈને આજ સુધીના હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટના જજમેન્ટસ ઉપલબ્ધ થઈ શકશે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે રાજયના તમામ બારમાં આ મુજબ ઈ લાયબ્રેરીની વ્યવસ્થા કરી છે. જયારે હવે ગાંધીનગર કોર્ટના વકીલોને પણ ઈ-લાઈબ્રેરીની સુવિધા મળશે. જેના પરીણામે કાયદાકીય બાબતોને લઈ વકીલો પોતાને ઉપયોગી મહત્વના ચુકાદાઓ ઝડપથી મેળવી શકશે. આજે સાંજે બારની લાયબ્રેરીમાં ઈ-લાયબ્રેરીના યુનિટનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ તબક્કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વાઈસ પ્રેસીડન્ટ દીપેનભાઈ દવે જિલ્લા ન્યાયાધીશ જી.કે. ઉપાધ્યાય બારના પ્રમુખ ગજેન્દ્રસિંહ રાઠોડ તેમજ વકીલો ઉપસ્થિત રહ્યા હતાં.







**હાર્દિક આમંત્રણ**
સંગીતમય
**સુંદરકાંડ પાઠ**
પ.પૂ. ગુરુજી અશ્વિનકુમાર પાઠક
ગાદીપાઠ
૧૬/૬/૧૩ રવિવાર રાત્રે ૮-૩૦
હર્ષદભાઈ જેઠાલાલ પુરોહિત
પ્લોટ નં. ૨૯૦, હરીદીપ ફલેટ,
સે.૨૦ની સુવિધાની સામે, સે-૨૦,
મો. : ૯૪૨૭૫૨૫૨૨૬




**જોઈએ છે**
દહેગામ માટે
ઓફિસ કલાર્ક અને
અનુભવી એકાઉન્ટન્ટ
9825377744

**જોઈએ છે**
નવા પ્રોજેકટના લોન્ચીંગ અને માર્કેટીંગના કામ માટે મહિલા કર્મચારીની જરૂર છે.
સંપર્ક
મો. : ૮૧૪૧૦ ૨૨૦૫૫

**LCD TV રીપેરીંગ**
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફકત ફોન કરો ૧ થી ૩૦ સેકટર માટે
**સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ**
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૧૪૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧







**લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ**



| પ્રજાપતિ નૈતિક જયંતિભાઈ | પટેલ પાર્થ વિનુભાઈ | ચૌધરી નિયતી નાથુભાઈ |
|---|---|---|
| P. Rank 99.44 | P. Rank 97.38 | P. Rank 95.09 |
| Per. 89.67% | Per. 83.67% | Per. 80.17% |

ઉપરોક્ત ત્રણેય વિદ્યાર્થીઓએ માર્ચ-૨૦૧૩ની ધોરણ-૧૦ની પરીક્ષામાં ઝળહળતી સફલતા મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે તે બદલ કોટી કોટી અભિનંદન તેમજ શાળાનું ૧૦૦% રીઝલ્ટ મેળવી જીલ્લામાં શાળાનું ગૌરવ વધારવા બદલ વિદ્યાર્થીઓ-વાલીઓ તેમજ શાળાના શિક્ષક ગણને પણ ખૂબ ખૂબ અભિનંદન....

**લેકાવાડા-ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવાર**
મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર